ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૫ ટકા

# બજારમાં દેશી અને ઈઝરાયલી ખારેકનું આગમન

## કચ્છની ખારેકના પણ બજારમાં ઢગલે ઢગલાઃ ૧૬૦ રૂપિયા કિલો ખારેકનો ભાવ

ગાંધીનગર, તા.૨

ગરમી ની મોસમ સમાપ્ત થતાંની સાથે બજારમાંથી હવે કેરી ધીમે-ધીમે ઓછી થવા લાગી છે. એનું સ્થાન અત્યારે બીજાં ચોમાસુ ફળો લેવા લાગ્યાં છે જેમાં કાળા જાંબુ, પ્લમ્સ, પીચ, ચેરી જેવાં ફળો આવે. એની સાથે-સાથે કચ્છની ખારેક પણ બજારમાં ઢગલેઢગલા મળવા લાગી છે.આસપાસ નજર ફેરવશો તો પીળી અને લાલ રંગની ખારેક ફળની લારીઓ પર જોવા મળશે. કુદરત પણ કમાલ છે.સીઝન પ્રમાણે અલગ અલગ ફળો બનાવીને માણસને જાહોજલાલી તો આપી જ દીધી છે.બજારમાં હાલ આ મીઠી ખારેક નો ભાવ ૧૬૦ રુપિયા કિલો છે. જેમાં પીળી અને લાલ એમ બે પ્રકારની ખારેક જોવા મળી રહી છે.તેમાંય નાની ખારેક અને મોટી ખારેક મુજબ અલગ અલગ ભાવ છે.હાલમાં વ્રત ના દિવસો હોવાના કારણે બજારમાં ફળો ની જમાવટ ચાલી રહી છે તેમાં આ ફળનો ઉમેરો થયો છે.લોકો માટે ફળો ની ખરીદી માટે ઘણા બધા ઓપ્શન જોવા મળી રહ્યા છે.આ ખારેક માંથી હલવો સહિત અવનવી વાનગીઓ પણ બનાવવામાં આવે છે.

જે નાના બાળકો ને ખુબ સ્વાદપ્રિય લાગે છે. ખારેક ઉગાડવી ખૂબ જ અઘરું કામ છે. ખૂબ જ મહેનત અને વર્ષોનો અનુભવ હોય એ લોકો જ ખારેક ઉગાડી શકે છે અને મનગમતો પાક લઈ શકે છે. મહત્વની વાત એ છે કે ખારેકની સીઝન આવી ગઈ છે અને સીઝનમાં આ ફળનો જેટલો ફાયદો લઈ શકાય એટલો દરેક વ્યક્તિએ ચોક્કસ લેવો જોઈએ.

ગુજરાતને કુદરતની દેન છે. કચ્છની ખારેક દેશ-વિદેશમાં અત્યંત પ્રસિદ્ધ છે ત્યારે ગુજરાતીઓ માટે ખારેક નવું ફળ ન હોય શકે. જે લોકોએ ખાસ ખાધી ન હોય અને જેમને એનો ટેસ્ટ ઓછો પસંદ હોય તેમણે પણ એનો ટેસ્ટ ડેવલપ કરીને ચોમાસાની આ સીઝનમાં ચોક્કસ ખાવી જ જોઈએ.

ખારેક ખાવાથી શક્તિ આવે એવું આપણા વડીલો કહેતા એનું કારણ છે એમાં રહેલાં મિનરલ્સ એટલે કે ખનીજ તત્વો. શાકાહારી ખોરાકમાં જે ભાગ્યે જ મળી રહે છે એવું આયર્ન ખારેકમાં ભરપૂર માત્રામાં છે. એ વિશે વાત કરતાં યોગિતા ગોરડિયા કહે છે, ‘જેના શરીરમાં લોહીની ઊણપ હોય, હીમોગ્લોબિન ઓછું હોય, એનીમિયા હોય તેમણે ખારેક ચોક્કસ ખાવી જોઈએ. એમાં રહેલું આયર્નનું સ્વરૂપ એવું છે કે શરીરમાં જાય ત્યારે શરીરને પૂરેપૂરું મળે છે. જેને ખૂબ થાક લાગતો હોય, શારીરિક અને માનસિક કામ વધુ રહેતાં હોય તેમણે ખારેક ખાવી જ જોઈએ. આયર્ન સિવાય ઝિંક, ફૉસ્ફરસ, કૉપર, સેલેનિયમ, પોટૅશિયમ પણ ભરપૂર માત્રામાં મળી રહે છે જે નસોની હેલ્થ માટે ટૉનિક ગણી શકાય. જે લોકોને લાંબા ગાળાની કબજિયાત હોય તો તેમને ખારેક ઘણી મદદ કરે છે.



ખાસ કરીને બાળકોને પણ એ આપી શકાય છે. દવાઓ કે બીજી કોઈ પદ્ધતિ કરતાં ખારેકથી સરળતાથી આ તકલીફ દૂર થઈ શકે છે. જેમને અવારનવાર શરદી થઈ જતી હોય, વારંવાર માંદા પડતા હોય એવા લોકોએ ખારેક ખાવી જોઈએ જેથી તેમની રોગપ્રતિકારક શક્તિ પ્રબળ થાય અને શરદી વારંવાર ન રહે. ખારેક કૉલેસ્ટરોલની માત્રાને શરીરમાં નિયંત્રણમાં રાખે છે, જેને લીધે હાર્ટ-ડિસીઝ થવાનું રિસ્ક ઘટી જાય છે.

## કુડાસણ ખાતે "હર ઘર, સ્વસ્થ ઘર" અંતર્ગત અનેક સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨

આગામી ૨૩મી જુલાઈ, રવિવારના રોજ કુડાસણ ખાતે મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા આયોજિત અને ટ્રીક ટુ ક્રિએટનાં સહયોગથી હર ઘર,સ્વસ્થ ઘર અંતર્ગત સ્વચ્છતા વિષય પર ચિત્ર સ્પર્ધા તથા કલા અને હસ્તકલા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધામાં રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. આ સ્પર્ધામાં ૫ વર્ષથી ૨૫ વર્ષ સુધીના લોકો ભાગ લઈ શકશે. રજિસ્ટ્રેશન માટેની છેલ્લી તા. ૧૫/૦૭/૨૦૨૩ રહેશે. ભાગ લેનાર દરેક સહભાગી વિદ્યાર્થીઓને આયોજક દ્વારા પ્રમાણપત્ર અને સરપ્રાઈઝ ગિફ્ટ આપવામાં આવશે.તો મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી ભાગ લેવા માટે ઈચ્છુક લોકોએ ૯૧-૮૧૬૦૦૬૫૬૨૭૫૨ ફોર્મ ભરીને રજિસ્ટ્રેશન કરાવી લેવું તેમ જણાવવામાં આવેલ છે.




વાડો કાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયાના મદદનીશ શિક્ષક અને પ્રોવિઝનલ બ્લેક બેલ્ટ ની ડિગ્રી ધરાવતા સાગર રાવલે વાડો કાઈ કરાટેમાં બ્લેક બેલ્ટ ફર્સ્ટ ડિગ્રી ની પરીક્ષા સફળતાપૂર્વક ઉત્તીર્ણ કરી હતી. ફેડરેશનના મુખ્યાલય ખાતે મોડર્ન કરાટે ના ટેકનિકલ ડાયરેક્ટર અને નેશનલ કોચ રેન્શી ગૌરાંગભાઈ રાણા દ્વારા તેમને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.



સીનીયર સીટીઝન કાઉન્સિલની મહિલા પાંખ દ્વારા સેક્ટર ૨૦ અને સેક્ટર ૨ની સરકારી પ્રાથમિક શાળામાં ગૌરી વ્રત કરતી દીકરીઓને કેળાની ફરાળી વેફર, ડ્રાય ફ્રુટ અને શૃંગારની વસ્તુ આપવામાં આવી હતી.



રવિવારે સાબરમતી નદીના સાનિધ્યમાં આવેલ ધોળેશ્વર મહાદેવ શિવાલયમાં મહાદેવને ફૂલોની સુંદર રંગોળી બનાવી હતી જ્યાં ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા ૧૦૦૦ વૃક્ષોનું રોપણ




ગાંધીનગર, તા.૨

શહેરોમાં પર્યાવરણની જાળવણી માટે જાગરુકતા વધી છે, ત્યારે લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા રુતા ફાર્મ ખાતે તાજેતરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. ફેમીના ક્લબના પર્યાવરણવાદી પ્રેસિડેન્ટ ચંદાબેન યાદવ દ્વારા પાસ્ટ પ્રેસિડેન્ટ કનુભાઈ પટેલના રુતા ફાર્મ પર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે ડીસી એન્વાયરમેન્ટ મનોજભાઈ લેકીનવાલા, જીએસટી મમતાબેન રાવલ, આરસી વૈશાલીબેન જોશી, ફર્સ્ટ વીપી દક્ષાબેન જાદવ, ક્લબના પાસ્ટ પ્રેસિડેન્ટ ડીમ્પલબેન, સેક્રેટરી ભૂમિબેન જોગાણી, ટ્રેઝરર ગીતાબેન પટેલ તથા મોટી સંખ્યામાં ક્લબની બહેનોએ ઉપસ્થિત રહી "ઝાઝા હાથ રળિયામણા" કહેવતને ફેમીનાની બહેનો એ યથાર્થ ઠેરવી સાથે મળી, ૧૦૦૦ થી વધુ વૃક્ષોની વાવણી કરી "વધુ વૃક્ષ વાવો, વરસાદ વાવો" સૂત્રને સાર્થક કરી, વૃક્ષોની વાવણી કરી સમાજને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.




મહેસાણા જિલ્લા પંચાયત કર્મચારી કો ઓપરેટિવ બેંકની ૪૬ મી વાર્ષિક સાધારણ સભા અર્બુદા હોલ મહેસાણા ખાતે યોજાઈ હતી. જેમાં મહેસાણા, પાટણ, કલોલ, માણસાના કર્મચારી સભાસદોએ ઉત્સાહથી બોહળી સંખ્યામાં સભામાં હાજર રહી શાંતિપૂર્ણ માહોલમાં બેંકની સાધારણ સભાના તમામ એજન્ડા મુજબના કામો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતાં. બેંકના સાધારણ સભાના આઠ નંબરનો એજન્ડા ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્મચારીઓને બેંકના કાર્યકાર્યક્ષેત્ર વિસ્તારમાં સમાવેશ કરવાનો એજન્ડા હતો તે એજન્ડા પણ શાંતિપૂર્ણ રીતે સર્વાનુમતે સભાસદો દ્વારા મંજુર કરવામાં આવ્યો હતો.

## લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા "ડોક્ટર્સ ડે"ની ઉજવણી

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમીના દ્વારા "ડોક્ટર્સ ડે"ની ઉજવણી કરવામાં આવી હતી. ક્લબના પ્રેસિડેન્ટ ચંદાબેન યાદવ દ્વારા ઓફિસર્સ ઈન્સ્ટિટયૂટ બીએસએફ કેમ્પસ ચિલોડા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ક્લબના સભ્યો ડો.નીતાબેન શેખાત, ડો. જલધારાબેન, ડો.જેનીશાબેન અને ડો.વૈદેહી બેન, પૂર્વીબેન મહેતા ઉપસ્થિત રહ્યા હતાં. બધા જ ડોક્ટર્સનું મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. બીએસએફના લો ઓફિસર જીએનઆર એફઆઈઆર અનિલભાઈ યાદવ તથા તેમના પત્ની બીનીતાબેન યાદવે આયોજન કર્યું હતું. ફેમીના ક્લબના ટ્રસ્ટી કમિટી સભ્ય તથા પૂર્વ પ્રમુખ એ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી.

## જન્મદિને વધામણી



ઉર્મિલા નિકુંજ વૈશ્યક
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



તન્મય પટેલ



ડો. અતુલ એચ પંડ્યા
મો. ૯૪૨૭૦ ૨૬૭૬૪



ધૃમિલ સુખડિયા



મધુબેન પ્રજાપતિ
લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર



અક્ષરાજસિંહ વાઘેલા
મો.૬૩૫૨૬ ૩૫૯૦૧



નિશાંત જિતેન્દ્રભાઈ શર્મા
મો. ૯૧૭૩૧ ૭૫૧૬૧



અમ્માન કુરેશી
મો. ૯૭૨૬૬ ૯૪૧૮૧




રંજનબેન જે શ્રીમાળી
મો. ૯૪૨૭૬ ૨૦૭૨૩



ઝંખના પટેલ



અદિતી મનોજકુમાર તપોધન
મો. ૯૯૨૪૫ ૦૯૦૨૦



દેસાઈ રામાભાઈ હરરાજભાઈ
મો. ૯૮૯૮૯ ૨૩૧૨૩



ઈન્દ્રજિતસિંહ જાડેજા

# પોતાની પથારીવશ માતાની ‘મા’ બની ગયેલો ગાંધીનગરનો તબીબ પુત્ર

## પથારીવશ માતાને સપ્તાહમાં બે વાર ડાયાલીસીસ કરાવવા સાથે ચોવીસ કલાક ધ્યાન રાખે : નોકરી કરવા પોતાની સાથે માતાને પણ ઊંચકીને કારમાં લઈને જાય છે : ડો. શ્યામલ ખરેખર આજના યુગનો શ્રવણ છે

ગાંધીનગર, તા.૨

એવું કહેવાય છે કે ઈશ્વર દરેક જગ્યાએ પહોંચી શકતો નહોતો એટલે તેણે "મા"નું સર્જન કર્યુ. ત્રાજવાના એક પલડામાં દુનિયાભરના સુખસાહ્યબી અને ઈશ્વરને પણ મૂકી દો તેમ છતાં જો સામેનું પલડું નમી જાય તો ચોક્કસ એ પલડામાં "મા" બેઠી હશે. "મા"ના પ્રેમ અને સમર્પણ વિશે તો ગ્રંથો ભરી ભરીને લખાયું છે પરંતુ આજે વાત પોતાની માતાની "મા" બની ગયેલા દીકરાની કરવી છે. હજુ ગઈકાલે જ આપણે ડોક્ટર દિવસ ઉજવ્યો છે જયારે ગાંધીનગરમાં એક એવો યુવા ડોક્ટર વસે છે જે છેલ્લાં એક વર્ષથી મોતના મુખમાંથી પરત આવેલી પોતાની માતાની અકલ્પનીય સેવા કરી રહ્યો છે અને તેના માટે જાણે હરપળ હરઘડી માની સેવા સિવાય બીજું કોઈ કામ જ નથી.

ગાંધીનગરના યુવા તબીબ ડો. શ્યામલ ધોળકિયા તેમના માતા-પિતાનું એકનું એક સંતાન છે, તેમના પિતા ઉદયકુમાર ધોળકિયા બેંકોમાં લીગલ એડવાઈઝરનું કામ કરતા હતા અને માતા ભાવનાબેન જેમણે બધા "મીનાબેન"ના હુલામણાં નામથી જ ઓળખે છે જેમને ડો. શ્યામલ હંમેશા "માતૃશ્રી" કહીને જ સંબોધે છે. સ્કૂલમાં લોન ટેનિસની રમતમાં રાજ્યકક્ષાએ રામી ચૂકેલા અને અભ્યાસમાં તેજસ્વી એવાં તેમના પુત્ર શ્યામલે વર્ષ ૨૦૦૭માં શાળાનો અભ્યાસ પૂરો કર્યા પછી વિદેશમાં એજ્યુકેશન માટેની લોન મેળવી ચીનના ઝેન્ગઝાઉ સિટી ખાતે મેડિકલનો અભ્યાસ કરવા ગયા અને ૨૦૧૨માં તે પૂર્ણ કરીને ભારત આવીને અહીંની જરૂરી પરીક્ષાઓ પણ પાસ કરીને તબીબ તરીકેનું રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવ્યું હતું. આ પછી તેમણે અમદાવાદ ખાતેની વિવિધ ખાનગી હોસ્પિટલમાં તબીબ તરીકે અને વીમા કંપનીમાં મેડિકલ ઓફિસર તરીકે પણ નોકરી કરી. વર્ષ ૨૦૧૪માં પિતાના અવસાન બાદ ઘરમાં મા-દીકરો જ રહી ગયા એટલે તેમની માતાને દીકરાના લગ્ન જલ્દી થાય તેવી ખેવના હતી પરંતુ વિધિએ તેમના માટે કંઈક અલગ લેખ લખ્યાં હતા. વર્ષ ૨૦૧૮માં ૨૨મી ડિસેમ્બરે "માતૃશ્રી" મીનાબેનને પગમાં સોજા આવવા સાથે પેટમાં ડાબી તરફ દુઃખાવાની ફરિયાદ થઈ ત્યારે સિટીસ્કેનના રિપોર્ટમાં ખબર પડી કે તેમની કિડની ખરાબ થવાની શરૂઆત થઈ છે અને તેમની છાતીમાં પાણી પણ ભરાઈ રહ્યું હતું તેથી તેમની નિયમિત સારવાર શરુ કરવામાં આવી. જોકે ધીમે ધીમે તેમની કિડની વધુને વધુ ખરાબ થતી ચાલી હતી. આ તરફ ગત વર્ષે મે માસમાં ડો. શ્યામલને ગાંધીનગરની પગરવ હોસ્પિટલની ચિલોડા ખાતેની શાખામાં નોકરી મળી ગઈ અને મે માસની ૧૫મી તારીખના રોજ બપોરે અચાનક તેમના ફેફસામાં પાણી ભરાવાથી મીનાબેનને શ્વાસ લેવામાં તકલીફ પાડવા લાગી અને તેમનું ઓક્સિજન લેવલ સાવ ડાઉન થઈ ગયું. મીનાબેનની નિયમિત સારવાર કરતાં ડો. સુરેન્દ્ર ત્રિવેદીની સલાહથી તુરંત તેમને એસએમવીએસ હોસ્પિટલમાં આઈસીયુમાં દાખલ કરાયા અને તપાસમાં ખબર પડી કે હવે કિડની નહિવત કામ કરતી હતી અને તેમને વેન્ટિલેટર પર રાખવા પડે તેવી સ્થિતિ હતી તેથી ફરજ પરના તબીબોએ મીનાબેન "કાલની સવાર નહીં જુએ" તેવો સંકેત આપી દીધી હતો. જોકે આખી રાત એક પણ મટકું માર્યા વગર માતાની પડખે બેસી રહેલા ડો. શ્યામલ પોતે જ્યારે જન્મયા ત્યારે દિવસે તેમને ખેંચાવી જતાં શરીર ભૂરું પડી ગયું હતું અને તબીબે કહ્યું હતું કે આ છોકરો નહિ જીવી શકે અને મહાપ્રયત્ને તેઓ જીવી ગયા હતા. ડો. શ્યામલનો માતા માટેનો લગાવ કહો કે મીનાબેનની જીજીવિષા કહો તબીબોના આશ્ચર્ય વચ્ચે મીનાબેન વેન્ટિલેટર વગર જ જીવી ગયા અને પાંચ દિવસ પછી તેમને હોસ્પિટલમાંથી ઘરે લાવી દેવાયા. જોકે ખરી કહાની હવે શરુ થતી હતી. મીનાબેનને સ્થિતિ અત્યંત નાજુક હતી અને તેમણે સપ્તાહમાં બે વાર ડાયાલીસીસ કરવું ફરજીયાત હતું જેના માટે શરૂઆતમાં મીનાબેન રાજી નહોતા.



જૂન માસમાં તો પથારીવાશ મીનાબેનની તબિયત વધુ લથડથી રહી અને ઘરમાં ડો. શ્યામલ એકલે હાથે રસોઈકામ, ઘરકામ કરવું, ઘરનો સમાન, માતા માટે દવાઓ, નાસ્તો વગેરે લાવવું, નોકરી કરવી વગેરે સાથે તમામ પ્રકારની શુશ્રૂષા કરતા જેમાં તેમને ખવડાવવું, પીવડાવવું, નવડાવવું, ધોવડાવવું, તબિયત ચેક કરતાં રહેવું, સમયસર દવા આપવી વગેરેનો સમાવેશ થાય છે. એક દીકરા તરીકે તેઓ પોતાની માતાને સહેજ પણ રેંઢી મુકવા તૈયાર નહોતા, રાતોની રાતો માતાની પથારી પાસે બેસી રહીને કાઢતા, માતાને સોફા પર સુવડાવે અને રખેને પડી જાય તો વાગે નહીં તે માટે નીચે તકિયા પાથરી રાખે અને પોતે નીચે બાજુમાં જ સુઈ જાય. સવારે ઉઠીને નાસ્તો બનાવી ખવડાવી દવા આપી રસોઈ કરે અને ઘરકામ પતાવી માતાને તૈયાર કરીને ઊંચકીને ગાડીમાં બેસાડે અને નોકરીએ સાથે લઈને જાય પછી પોતે દર્દીઓને જુએ ત્યાં સુધી માતાને ગાડીમાં રાખ્યા હોય તેમનું પણ વચ્ચે ધ્યાન રાખતા જાય. કામ પતાવીને ઘરે આવીને ફરી તેમની સેવામાં અને ઘરકામમાં લાગી જાય, આમ સતત અથાક મહેનત કરવા છતાં તેમના ચહેરા પર હંમેશા સ્મિત રહે અને સૌ કોઈને એટલે ઉત્સાહથી બોલાવે કે સૌ જોઈને દંગ રહી જાય. એક ગૃહિણીથી માંડીને પુરુષ તેમજ તબીબ તરીકેના તમામ કામ તેઓ કરતા. એવામાં ગત ૧૫મી ઓગસ્ટના રોજ માતા માટે નાસ્તો લેવા ગયા હતા ત્યારે સેક્ટર એકના તળાવ પાસે વરસાદી ઋતુમાં સ્કૂટર પરથી સ્લીપ થઈ ગયા અને તેમને હાથે ફ્રેક્ચર થતા પ્લેટ નાંખવી પડી. આમ છતાં પાટાવાળા હાથે પણ માતાને ઉંચકીને ડાયાલીસીસ માટે લઈ જાય. એક આખો પરિવાર મળીને એક વ્યક્તિની સેવા ના કરી શકે એટલી તેઓ એકલે હાથે કરતાં રહ્યાં છે. એકવાર તો તેઓ વિઝીટ માં ગયા હતા ત્યારે મીનાબેન બેભાન થઈને સોફામાંથી પડી ગયા હતા.

આવા તો ઘણા પ્રસંગો સર્જાયાં છે જયારે તેમને માતાની સારવાર માટે બધું કામ પડતું મૂકીને દોડાદોડ કરવી પડી હોય. ગઈ રક્ષાબંધને તેઓ બહાર જમવા ગયા હતા અને ઘરે પરત આવ્યા અને ત્યારે મીનાબેન ઘરમાં ધડામ દઈને પડી ગયા હતા. છેવટે તેમને સોસાયટીમાં ચાલતા ભાવ કરતાં પણ વધુ દામ આપીને કેટલાક કામ માટે કામવાળી બેન બંધાવી દીધા જે ડો. શ્યામલ હોસ્પિટલમાંથી પરત આવે ત્યાં સુધી મીનાબેનનું ધ્યાન પણ રાખે. મીનાબેન કામવાળીને કહેતા કે "આ તો નસીબમાં શ્વાસ લખ્યા હતા નહીં તો ત્રણ જ દિવસમાં ફોટામાં ટીંગાઈ ગઈ હોત." અત્યારે હાલતા ચાલતા સ્વસ્થ મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવતી પેઢીનો જમાનો છે ત્યારે આજે પણ આવા જ રૂટિન સાથે ૩૨ વર્ષે આપરિણીત રહેલા ડો. શ્યામલ માતાની શ્રવણની જેમ જે રીતે સેવા કરી રહ્યા છે તે ખરેખર અકલ્પનીય છે અને આજની પેઢી માટે પ્રેરણારૂપ છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com